



## પાલનપુરમાં નોટબંધીના ૪૮ દિવસ બાદ એટીએમ બંધ હોવાથી નાગરિકોની પરેશાની યથાવત

નોટબંધીનો ૪૮ મો દિવસ થયા છે ત્યારે નાણાકીયની લેવડ દેવડ મુશ્કેલી પણ યથાવત છે આજે પણ એટીમ આગળ નાણાં ઉપાડવા માટે લોકોની કતારો લાગેલી જોવા મળે છે પી એમ ને નોટબંધી ના સમર્થન માં નાગરિકો એ ૪૮ દિવસ સુધી અતિરેક મુશ્કેલી વેઠી ને પુરા કર્યા છે ત્યારે હવે નાણાકીય મુશ્કેલી સહન કરવા માટે લોકોની ધીરજ ખૂટી રહી છે જિલ્લા મથક પાલનપુરમાં ૧૦ એટીએમ માંથી માત્ર ૨ એટીએમ જ કાર્યરત છે જ્યારે બાકી એટીમ બંધ હાલત માં જોવા મળ્યા છે નોટબંધીના ૫૦ દિવસ બાદ પણ એક તરફ પી એમના નિર્ણય ને લોકો સમર્થન આપી રહયા છે તો બીજી તરફ લોકો હવે ધીરજ ઓસરતી હોય તેમ જણાઈ રહ્યું છે. પાલનપુરમાં એસબીઆઈ, બેન્ક ઓફ બરોડા, એચસીએફસી, એક્ઝિસ, દેનાબેંક સહીતની બેંકો આવેલી છે ત્યારે હજુ પણ મોટાભાગના બેંકોના એટીએમ બંધ હાલતમાં રહેતા સ્થાનિકોમાં નારાજગી જોવાઈ રહી છે.

## મોડાસામાં ભૂગર્ભ ગટર યોજનામાં કરોડોના આંધણ બાદ પણ ઠેરના ઠેર

મોડાસા, તા.૨૮

સરકાર અને વડાપ્રધાન દ્વારા સતત સ્વચ્છતા પરત્વે ગંભીર થવા માટે વારંવાર અપીલ કરાય છે. જો કે સ્વચ્છતા અભિયાન અંતર્ગત મોડાસાના નગરજનો પાસેથી લાખ્ખો રૂપિયાનો નગરપાલિકા તંત્રએ ટેક્સ ઉગરાવવા છતાં અને ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત કરોડો રૂપિયાની ગ્રાન્ટ ખર્ચો પછી પણ મોડા શહેરમાં મોટાભાગના વિસ્તારોમાં ભૂગર્ભ ગટરના અભાવે ગંદકીના ઢગલાઓ અને ખુલ્લી ગટરોમાંથી વહેતા દુષિત પાણીથી માથું ફાડી નાખે તેવી દુર્ગંધથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. મોડાસા શહેરમાં સતત ૨૧ વર્ષથી સત્તાધારી પક્ષ તરીકે ભાજપનું શાનસન હોવા છતાં અને કરોડો રૂપિયાના ટેક્સના ઉઘરાણા પછી પણ ગટરની યોજનાના અભાવે નગરજનોએ અને વિપક્ષના કોર્પોરેટરો દ્વારા નગરપાલિકાના વહીવટ સામે આંગળી ચીંધી મોડાસાના ભૂગર્ભ ગટર યોજના કયારે પૂર્ણ થશે?





મોડાસાના નગરજનોમાં નગરપાલિકા તંત્ર અને સરકાર સામે ભૂગર્ભ ગટરની માંગ કરતા અધિકારીઓ, સત્તાધીશ પક્ષ અને નગરપાલિકા વહીવટી તંત્ર પર સીધો આક્ષેપ કરી જણાવ્યું હતું કે સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાનના કાર્યક્રમો અને મોટા મોટા શહેરના માર્ગો પર સ્વચ્છતા અભિયાન જાગૃતિ અંગેના બેનરો લગાવવાની સાથે સ્વચ્છતા અભિયાનના કાર્યકર્મો કરી નાના મોટા બીલો બનાવી વધારાની આવક અધિકારીઓ ખિસ્સામાં સેરવી લે છે. આવા અધિકારીઓ દ્વારા નગરમાં જોવાની તસ્દી પણ લેવામાં આવતી નથી. મોડાસાના લઘુમતિ વિસ્તારો સહિત અન્ય જગ્યાએ ખુલ્લી ગટરોથી મચ્છરોનો ઉપદ્રવ તેમજ ખુલ્લી ગટરોના દુષિત પાણી નજીકથી પસાર થતી પીવાની પાણીની લાઈનમાં ભળી જતા શહેરીજનો વારંવાર ડેન્ગ્યુ, મેલેરિયા, તેમજ ટાઈફોઈડ તેમજ અન્ય ગંભીર બિમારીઓના શિકાર બનવું પડે છે.

નગરપાલિકાના વિપક્ષી કાઉન્સિલરો સહિત સત્તાધારી પક્ષના કાઉન્સિલરો સરકાર પાસે મોડાસા શહેરની ભુગર્ભ ગટર યોજના માટે સરકાર દ્વારા યોગ્ય નિર્ણય લઈ ગટર યોજના પૂર્ણ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. ભાજપ સત્તાધારીઓ દ્વારા મોડાસાના શહેરમાં છેલ્લા ૨૧ વર્ષતી શાસનમાં છે અને મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓ દ્વારા ગટર યોજનાનું ખાર્તમુર્હુત અને લોકાર્પણ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. આધારભૂત સુત્રોના જણાવ્યા મુજબ ખાતમુર્હુત સમયે ૨૯ કરોડ રૂપિયાની મતબર રકમ ફાળવવા છતાં ભાજપ દ્વારા ભુગર્ભ ગટર યોજના પૂર્ણ કરવામાં આવી નથી.

## પાલનપુરમાં વીજકરંટનો ભોગ બનેલ પુરબીયા પરિવારનો ચિરાગ બુઝાયો

### ગત રવિવારે બન્ને બાળકો ચાઇના દોરીથી પતંગ ચગાવતા કંરટ લાગ્યો હતો

પાલનપુર, તા.૨૮

ત્રણ દિવસ અગાઉ જિલ્લા મથક પાલનપુરમાં -આબુ હાઈવે નજીક આવેલી સિદ્ધાર્થ સોસાયટીમાં રવિવારે વીજવાયર થી બે બાળકોને કરંટ લાગ્યો હતો. જેમને ગંભીર હાલતમાં પાલનપુર સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર અર્થે મહેસાણા ખસેડાયા હતા. જોકે ગંભીર રીતે વીજ કરંટનો ભોગ બનેલ ચિરાગ પુરબીયાનું મોત નીપજ્યું છે



ગત રવિવારના દિવસે પાલનપુર-આબુ હાઈવે નજીક સિદ્ધાર્થ સોસાયટીમાં ચિરાગ પ્રકાશભાઈ પુરબીયા અને નૃપ અગસ્તભાઈ સોલંકી મકાનની આગાશી ઉપર બન્ને બાળકો ચાઈના દોરીથી પતંગ ચગાવી રહ્યા હતા. તે દરમિયાન ઉપરથી પસાર થતી ૬૬ કેવી વિજ લાઈનમાં દોરી ફસાઈ જતાં બે વાયર ભેગા થતાં બન્ને બાળકોને કરંટ લાગ્યો હતો. જેમાં ચિરાગ વીજ કંરટ થી ગંભીર રીતે દાઝી ગયો હતો. ગંભીર રીતે દાઝેલા બન્ને બાળકોને તાત્કાલિક પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે લવાયા હતા.જ્યાંથી વધુ સારવાર અર્થે મહેસાણા ખસેડાયા હતા.જોકે આજે સારવાર દરમિયાન ગંભીર રીતે દાઝેલા ૮ વર્ષીય ચિરાગ પ્રકાશભાઈ પુરબીયાનું સારવાર દરમિયાન મોત નીપજતા પરિવાર પર દુઃખ નો આભ તૂટી પડ્યો હતો.

## આજે બનાસકાંઠા જિલ્લામાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં મતગણતરી

પાલનપુર, તા.૨૮

રાજય ચૂંટણી આયોગ ગાંધીગનર ધ્વારા બનાસકાંઠા જિલ્લામાં કૂલ ૬૩૨ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણીઓ યોજવા જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવ્યું હતું. જે પૈકી બનાસકાંઠા જિલ્લામાં ૭૦ જેટલી ગ્રામ પંચાયતો સમરસ થતાં ૫૫૬ ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે તા.૨૭ ડિસેમ્બરના રોજ સવારે-૮.૦૦ થી સાંજે-૫.૦૦ વાગ્યા સુધી શાંતિપૂર્ણ માહોલમાં ૭૦ ટકા જેટલું જંગી મતદાન થયું હતુ.

આ ચૂંટણીમાં શિયાળીના ઠંડી હોવા છતાં નાગરિકોએ ઉત્સાહપૂર્વક જંગી મતદાન કરી પોતાના ગામના સરપંચને ચુંટવા લોકો સવારથી જ લાઇનમાં ઉભા રહી મતદાન માટે ભારે ઉત્સાહ અને ઉમંગ દર્શાવ્યો હતો. અને સાંજે પાંચ વાગ્યે સરપંચ અને સભ્યના ઉમેદવારોના ભાવી મત પેટીમાં સીલ કરવામાં આવ્યા હતા. આજે તા.૨૯ ડિસેમ્બરના રોજ જે તે ગામના તાલુકા મથકોએ ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી હાથ ધરવામાં આવશે તેની સાથે લોકોની આતુરતાનો પણ અંત આવશે. અને મત પેટીમાં સીલ ઉમેદવારોના ભાવિ ખુલશે.

## ધનસુરામાં વાંદરાએ આતંક મચાવતા ૧૦ ઘાયલ

### ૧૪ વર્ષીય બાળા ગંભીર : ગ્રામજનોમાં ભયનો માહોલ : વાનરને પકડવા પાંજરૂં મુકાયું

અરવલ્લી જિલ્લાના ધનસુરામાં કપિરાજ ટોળકીએ આતંક મચાવ્યો હતો. તોફાને ચડેલા વાનરોની ટોળકીમાંથી એક વાંદરો ભુરાંટો બનતા ૧૦થી વધુ લોકોના શરીરે બચકા ભરતા ગ્રામજનોમાં રીતસરની ભાગમ મચી ગઈ હતી.

ધનસુરા ગામમાં બુધવારે સવારે વાંદરોની ટોળકીમાંથી એક વાંદરો હડકાયો થતાં ૧૦ થી વધુ ગામ લોકોને બચકા ભરી કરડતા લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. ધનસુરાના તલોદ રોડ, જવાહર બજાર જેવા વિસ્તારોમાં લોકોને ટાર્ગેટ બાળાને વાંદરાએ શરીરે બચકાં ભરતાં શરીરમાં માંસના લોચા બહાર આવી જતા અને લોહી વહી જતા તાબડતોડ બાયક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડતાં ગંભીર ઈજાગ્રસ્ત બાળાને ત્રણ કલાક ઓપરેશન હાથ ધરી સઘન સારવાર



૧૪ વર્ષીય બાળાના શરીરે વાંદરાએ વધુ બચકા ભરતા ગંભીર ઈજાઓ પહોંચતા ધનસુરા ખાનગી દવાખાનામાં પ્રાથમિક સારવાર લઈ બાયડ હોસ્પિટલ ખાતે ખસેડવાઈ હતી. બાળાને બચાવી લેવા તબીબ દ્વારા ૩ કલાક ઓપરેશન હાથ ધરી ગંભીર ઈજાગ્રસ્ત બાળાને બચાવવા સઘન સારવાર ધરી હતી. ધનસુરા ગ્રામ પંચાયત દ્વારા વાંદરાને પાંજરે પુરવા કવાયત હાથ ધરી હતી.

કરતા વાંદરાથી ભયભીત બનેલા ગ્રામજનો ઘરોમાં પુરાઈ રહ્યા છે. વાંદરાના કરડવાનો ભોગ બનેલા લોકોએ ધનસુરાના તલોદ રોડ, જવાહર બજાર જેવા વિસ્તારોમાં લોકોને ટાર્ગેટ કરતા વાંદરાથી ભયભીય બનેલા ગ્રામજનો ઘરોમાં પુરાઈ રહ્યા છે. વાંદરાના કરડવાનો ભોગ બનેલા લોકોઓ ધનસુરામાં ખાનગી દવાખાનામાં સારવાર લેવી પડી હતી. ધનસુરાની ૧૪ વર્ષીય હાથ હરી હતી. ધનસુરામાં કપિરાજે આતંક મચાવવાનો યથાવત રહેતા ગ્રામપંચાયત દ્વારા વધુ ગામ લોકો ભોગ ન બને તે માટે વાંદરાના તરખાટના સ્થળે પાંજરું મુકી કપિરાજને પાંજરે પુરવા તજવીજ હાથ ધરી હતી. ગામ લોકોએ વાંદરાને પાંજરા પુરવા ઝડપથી કામગીરી હાથ ધરી ધનસુરા વનતંત્રમાં અધિકારીઓ તાબડતોડ કપિરાજને કાબૂમાં લે તેવી ઉગ્ર માંગ ઉઠી હતી.

## આજે ભિલોડા ગ્રામ પંચાયતોની ચૂંટણીની મતગણતરી યોજાશે

ભિલોડા,તા.૨૮

ભિલોડા ગ્રામ પંચાયતોમાં ચુંટણીની મતગણતરી આજે ભિલોડા એન.આર.એ. વિદ્યાલયમાં યોજાશે. ભિલોડા ગ્રામ પંચાયતો સરપંચ પદ અને ઉમેદવારોનો ભાવીનો ફેસલો થશે ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર ચોરે અને ચૌટે એક જ ચર્ચા કોણ જીતશે અને કોણ હારશે ?

ભિલોડા ગ્રામ પંચાયતો ચુંટણીમાં મતદારોએ ઉમળકાભેર મતદાન કર્યું હતું. ભિલોડા ગ્રામ પંચાયતો ચુંટણીમાં ભારે રસાકસી ભર્યો માહોલ જોવા મળ્યો હતો. આ વખતે રાજકીય પંડીતોના વિશ્લેષણો સાચા પડે છે કે ઉંધા પડે છે તે તો હવે મતગણતરી થયા પછી જ ખબર પડશે તેમ લોકમુખે જાણવા મળેલ છે. ભિલોડા તાલુકાના જાગૃત મતદારોએ તો ભિલોડા ગ્રામ પંચાયતો સરપંચ પદના ઉમેદવારો અને સભ્ય પદના ઉમેદવારોની ઉંઘ હરામ કરી નાખી હતી.

મતદારોમાં અનેરો આનંદ, ઉત્સાહ જોવા મળતો હતો. મતગણતરી ઉપર સૌ-કોઈની મીટ મંડાયેલી જોવા મળી રહી છે. ભિલોડા ગ્રામ પંચાયતોના ઉમેદવારો હાર જીત અંગે અવનવા સમીકરણો અને ગણિત માંડી રહ્યા છે પરંતુ આજે સવારે ૯:૦૦ વાગ્યે મતગણતરી થયા બાદ જાણી શકાશે કે કયો ઉમેદવારો હાર્યો અને કયો ઉમેદવારો જીત્યો ?

ભિલોડા ગ્રામ પંચાયતોમાં ચુંટણી શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થતાં વહીવટી તંત્રના અધિકારીઓ, ઉમેદવારોએ રાહતનો દમ લીધો હતો પરંતુ ચોરે અને ચૌટે એક જ ચર્ચા ચાલતી હતી કે કોણ જીતશે ? કોણ હારશે ? રાજકીય દિગ્ગજ નેતાઓની ઉંઘ હરામ થઈ ગઈ છે મતગણતરીનું પરીણામ આવ્યા બાદ ખબર પડશે.ભિલોડા ગ્રામ પંચાયતોની ચુંટણીની મતગણતરી કરવા માટે વહીવટી તંત્ર ખડે પગે કાર્યરત થઈ ગયું હોવાનું દેખાય રહ્યું છે.



બનાસકાંઠા જિલ્લા એસ.સી.બી. પોલીસે અંબાજી નજીક ધાબાવાળી વાવ પાસેથી આયસર ટ્રક ભરેલ વિદેશી દારૂ ઝડપાયો. પોલીસે કુલ ૧૭૨ પેટી દારૂ કિંમત રૂપિયા ૬.૭૫ લાખનો તથા આયસર ટ્રક કિસ્મત રૂપિયા પાંચ લાખની મળી કુલ રૂપિયા ૧૧.૭૫ લાખનો મુદ્દામાલ ઝડપી હાથ ધરી કાર્યવાહી. આરોપી અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો.

## પાલનપુર ખાતે ૩૧મીએ ઔદ્યોગિક સેમિનાર

પાલનપુર, તા.૨૮

તા.૩૧ ડિસેમ્બર-૨૦૧૬ના રોજ પાલનપુર મુકામે આવેલ કાનુભાઈ મહેતા હોલ ખાતે કેન્દ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉધોગ વિભાગના રાજયમંત્રી હરીભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને ઔધોગિક સેમિનાર યોજાશે. જેમાં અગ્રણી ઉધોગપતિઓ તથા ઉધોગ શરૂ કરવા ઈચ્છતા નાગરિકો સવારે-૧૧.૦૦ થી ૨.૦૦ વાગ્યાના સમય દરમ્યાન ઉપસ્થિત રહી શકશે. આ કાર્યક્રમમાં ગાંધીનગરથી ઉધોગ કમિશનર અને બનાસકાંઠા કલેકટરશ્રી જેનુ દેવન સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ મંત્રી હરીભાઈ ચૌધરીના પર્સનલ સેક્રેટરી જયપાલસિંહજી તથા એન.એસ.આઈ.સી.ના ચેરમેનશ્રી રાજેન્દ્રનાથજી ધ્વારા જિલ્લાના ઉધોગકારોની રૂબરૂ મુલાકાત લઈ તેઓના પ્રશ્નો હલ કરવાની તેમજ બનાસકાંઠા જિલ્લાના ઔધોગિક વિકાસ અંગે ચર્ચા કરવામાં આવી હતી. તેમ બનાસકાંઠા જિલ્લા ઉધોગ કેન્દ્ર પાલનપુરના જનરલ મેનેજરશ્રી ધ્વારા જણાવાયું છે.

## સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ‘કોંગ્રેસ સ્થાપના દિન’ની ઉજવણી કરાઈ

હિંમતનગર, તા.૨૮

સને ૧૮૮૫માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપના થઈ હતી. આજનો આ દિવસ દેશ અને કોંગ્રેસમાં માનનાર તમામ જનજન માટે ગૌરવંતો દિવસ ગણવામાં આવે છે.



આ દિવસની ઉજવણીના ભાગરૂપે આજ રોજ સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિની પ્રમુખ ગોપાલસિંહ રાઠોડની આગેવાની હેઠળ સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ કાર્લાલય ખાતે સવારે ૯.૩૦ કલાકે ભારે હર્ષોલ્લાસ સાથે આ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમુહ રાષ્ટ્રીય ગીતનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. અને કાર્યકરોએ એકબીજાને મીઠાઈઓ ખવડાવી આ ગૌરવવંતા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ગોપાલસિંહ રાઠોડ, તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ રણજિતસિંહ સોલંકી, શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ સતીષભાઈ શાહ, મહિલા કોંગ્રેસના પ્રમુખ નિર્મળાબેન પંચાલ, ઓબીસી સેલના પ્રમુખ કાળુસિંહ માઈનોરીટી ડીપાર્ટમેન્ટના પ્રમુખ ઈમરાન દાવડા, માઈનોરીટીના જિ. પ્રભારી ટી.વી. પટેલ, જિલ્લા યુવક કોંગ્રેસના પ્રિયવદન પટેલ જિલ્લા/તાલુકા પંચાયતના ચુંટાયેલા સભ્યો નગરપાલિકાના વિપક્ષી નેતા જગદીશ જયસ્વાલ કોર્પોરેટરો, જિલ્લા કોંગ્રેસ સમિતિના હુસેન દિવાન, જિલ્લા, તાલુકા-શહેરમાંથી મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

## અરવલ્લી જિલ્લામાં કડકડતી ઠંડીમાં કૃષિ વીજ પુરવટો આપવા માંગ

મોડાસા તા. ૨૭

અરવલ્લી જિલ્લામાં આજકાલ હાડ થીજવતી કાતિલ ઠંડીમાં મોડાસાના ગ્રામિણ વિસ્તારોમાં ખેડૂતોને દિવસના બદલે રાત્રિના સમયે હાલ કૃષિ વીજ પુરવઠો આપવામાં આવતાં ખેડૂતોમાં ભારે નારાજગી સાથે રોષ પ્રગટ્યો છે.

આ વિસ્તારમાં ઘઉંનું વાવેતર બહોળા પ્રમાણમાં થયું છે જ્યારે શિયાળુ મકાઈમાં પણ સિંચાઇની તાતી જરૂર છે પણ કડકડતી ઠંડીમાં રાતના ૧૨ વાગ્યાથી અપાતો કૃષિ વીજ પુરવઠો સવારના ૮ સુધી અપાતાં ઠંડીમાં જ વીજળી અપાતાં જ્યાં ઘરમાં ગરમ કપડાંમાં ધ્રુજાય છે ત્યાં ખેતરોમાં જઈ ખેડૂતોને સિંચાઈ કરવી દુષ્કર બનતાં વીજળીનો આવો કાર્યક્રમ ઠંડીના દિવસોમાં દિવસે જ વીજળી આપવા માંગ થઈ રહી છે.રાતના ખેતરોમાં ઝેરી જીવજંતુનો પણ ભય રહે છે.

કુવા-બોરમાં પૂરતા પાણી છે.વાવેતર પણ ઘણું છે.પણ વીજળીના કાર્યક્રમો રાતના સમયમાં જ આવતા આ સમયમાં ખેડૂતો લાચાર બન્યા છે. કમસેકમ આ કાર્યક્રમ છે તેમાં સવારના ૮ ના બદલે બપોરના ૧૨ સુધી વીજ પુરવઠો અપાય તો પણ થોડી રાહત થાય તેમ છે.આ પ્રશ્ને ઘટતું નહિ થાય તો આવનારા દિવસોમાં ખેડૂતોને આંદોલન કરવાની ફરજ પડશે.

## ખેરવા ખાતે મુખ્યમંત્રી પદવીદાન સમારંભમાં ઉપસ્થિત રહેશે

મહેસાણા જિલ્લાના ખેરવા ખાતે ગણપત વિશ્વ વિધાલય ખાતે દશમો પદવીદાન સમારંભ યોજાવાનો છે. રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ૦૪ જાન્યુઆરી ૨૦૧૭ને બુધવારના રોજ બપોરે ૦૩-૪૫ કલાકે ખેરવા ગણપત યુનિ ખાતે ઉપસ્થિત રહેનાર છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપસ્થિત રહેનાર હોઈ જિલ્લા કલેકટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. જેમાં ગણપત વિશ્વ વિધાલયના અધિકારીઓ ઉપસ્થિ રહ્યા હતા. બેઠકમાં હેલીપેડની વ્યસ્થા. સ્ટેજ મેનેજમેન્ટ,ફાયર ફાઈટરની વ્યવસ્થા. તબીબી વ્યવસ્થા સહિત કાર્યક્રમની આનુંષંગિક વ્યવસ્થા, સંકલન, સુરક્ષા વ્યવસ્થા સહિતની તમામ વ્યવસ્થાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.

## શામળાજીમાં ડિજિટલ આર.ટી.ઓ. ચેક પોસ્ટનું લોકાર્પણ કરાશે

શામળાજી,૨૮

શામળાજી ખાતે ડિજિટલ આર.ટી.ઓ. ચેકપોસ્ટનું મુખ્યમંત્રીના હસ્તે કરવામાં આવાનાર છે. ઉદ્ઘાટન કર્યા બાદ ભિલોડા તાલુકા રંગપુર ખાતે જાહેર સભા યોજવામાં આવનાર છે. મુખ્યમંત્રી દ્વારા માર્ગ મકાન વિભાગ (રાજય) ઈન્ફ્રાસ્ટ્રકચર ફોર ચેકપોસ્ટ એટ શામળાજી તકતી અને લોકાર્પણ ભિલોડા ૪૫૨-૭૮ લાખના ખર્ચ થનાર છે. મોડાસા તાલુકાના પંચાયત કચેરીના મકાનના ખર્ચ ૨૪૦-૦૦ લાખના પ્રયોજનના વહીવટદારની કચેરી ભિલોડા ખાતે ૬૮૩-૦૦ લાખના સાતરડા મહુડી ગોરવાડા અત્રોલી રોડનું કામ ખર્ચ ૨૪૦-૦ લાખના ત્યારબાદ ભૂમિપૂજન અને તતકી માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા રમાણા બારનોલી (તા. ધનસુરા) ૩૯૨,૨૩.૦૦ લાખનો ખર્ચે, કુણોલ ઈસરી રોડ ૨૯૪ લાખના ખર્ચે (તા. મેઘરજ) બાંઠીવાડા, લાખાપુર કાલીયા કુવા રોડ ૪૫૩.૦૦ લાખના ખર્ચ તેમજ દહેગામ બાયક રોડનું ૬૫૦.૦૦ લાખનો ખર્ચ થનાર છે.

જયારે મંજૂર અને સ્થળ ઉપર કામ શરુ કરેલ તેની જાહેરાતના કામો માર્ગ અને મકાન વિભાગ(રાજય) કન્સ્ટ્રકશનનું બિલ્ડીંગ ઑફ સબ ટ્રેઝરી ભિલોડા ૧૪૦.૦૦ લાખના ખર્ચ વાત્રક રીવરઓન, આણીયોર, વાંકાનેરા, સખવાણીયા, ટુણદાર ઉભારણ રોડ, (તા. માલપુર) ૧૫૦૦ લાખના ખર્ચે તેમજ ૬૬ કેવી સબ સ્ટેશન અસાલ તા.ભિલોડા ૪૦૦.૦૦ લાખના ખર્ચે તેમજ માન મુખ્યમંત્રી દ્વારા કન્યા કેળવણીના ચેકોનું વિતરણ કરવામાં આવનાર છે. મુખ્યમંત્રીના વરદ હસ્તે વિવિધ યોજનાકીય લાભાર્થીઓને સહાયતાના ચેકોનું વિતરણ કરવામાં આવનાર છે. કુલ કલમ ૪૩.૪૫ લાખ છે. વન અધિકારી અધિનિયમ-૨૦૧૬ અંતર્ગત મંજુર થયેલ જમીનના દાવેદારોને અધિકાર પત્રોનું વિતરણ કરવામાં આવનાર છે.